# કડી પાસે કેનાલમાં પરિવારનો સામુહિક આપઘાત

**વાવ તાલુકાના ચૌધરી પરિવારના માસાર્થે બે દિકરીઓ-બે ભાણિયા અને જમાઈએ કેનાલમાં ઝંપલાવ્યું : જમાઈ બચી ગયા : પાંચ મૃતદેહો મળ્યા : સમગ્ર વિસ્તારમાં અરેરાટી**

કડી, તા. ૨૦

મહેસાણા જિલ્લાના કડી નજીક નર્મદા કેનાલમાં બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ચૌધરી પરિવારના છ સભ્યોએ કોઈ કારણસર કથિત આપઘાત કરતા સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ છે. આ ઘટનામાં એક વ્યક્તિ બચી જવા પામી હતી.

જાણવા મળ્યા મુજબ બનાસકાંઠા જિલ્લા વાવ તાલુકાના મોરીખા ગામના ચૌધરી પરિવારની માતાએ પોતાની બે પરિણિત પુત્રીઓ, બે માસૂમ ભાણીયા અને જમાઈએ કોઈ કારણસર કડી નજીક સિંધવાઈ માતાજીના મંદિર પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું હતું. જેમાં જમાઈને તરતાં આવડતુ હોઈ તેઓ બહાર નીકળી જતા બચી ગયા હતા. જ્યારે અન્ય પાંચ જણા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ કરૂણ ઘટનાની પોલીસને જાણ થતા પોલીસે ઘટનાસ્થળે જઈ તેમની શોધખોળ આરંભઈ હતી. જેમાં બે બાળકો અને એક મહિલા સહિત ત્રણ વ્યક્તિઓના મૃતદેહો મળી આવ્યા હતા. જ્યારે અન્ય બે મહિલાઓની શોધખોળ ચાલી રહી છે. કથિત આપઘાત પાછળનું કારણ હજી જાણી શકાયું નથી. આ ચૌધરી પરિવાર ઘરેથી થરાદ જવાનું કહીને નીકળ્યો હતો.

નર્મદા કેનાલમાં ઝંપલાવીને કથિત આપઘાત કરનાર વ્યક્તિઓમાં ધરમીબેન ભુરાભાઈ ચૌધરી ઉં.વ. ૪૭ રહે. મોરીઆ, તા. વાવ, થરમીબેનની દિકરી પાર્વતીબેન પ્રેમજીભાઈ ચૌધરી ઉં.વ. ૩૨, હરીબેન ભુરાભાઈ ચૌધરી, પાર્વતીબેનના બે સંતાનો પુત્ર ઉં.વ. ૪ માસ, દિકરી ઉં.વ. અઢીનો સમાવેશ થાય છે. આ ઘટનામાં ભુરાભાઈ ધનજીભાઈ ચૌધરીને તરતા આવડતુ હોઈ તેઓનો બચાવ થયો હતો. આ ઘટનાની જાણ થતાં લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. એક પરિવારના સામૂહિક કથિત આપઘાતથી આ વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી.



## અંબાજી મંદિરમાં ભાવપૂર્વક પ્રક્ષાલનવિધિ સંપન્ન

યાત્રાધામ અંબાજી ખાતે ભરાયેલા ભાદરવી પૂનમના મેળા બાદ આજે અંબાજી મંદિરની ૧૨.૩૦ કલાકે શરૂ થયેલી પ્રક્ષાલનવીધી ખાસ કરીને અમદાવાદના એક સોની પરીવાર દ્વારા કરવામાં આવે છે. જે છેલ્લા ૧૪૫ વર્ષથી આ વિધિ સાથે સંકળાયેલા છે. આ વિધિમાં અંબાજી મંદિર પરીસરને પાણીથી ધોવામાં આવે છે અને માતાજીના શણગારના સોના-ચાંદીના દાગીનાઓને મંદિરના પવિત્ર જળથી ધોવામાં આવે છે. એટલું જ નહીં આ દાગીનાની સાફ સફાઈ વખતે ઘસારા ના બદલે પાંચ ગ્રામ સોનાનું તકતુ માતાજીને થાળમાં અર્પણ કરવામાં આવે છે. જે હાર પુતળીના હારના નામે માતાજીને પહેરાવવામાં આવે છે. અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ, ભરતભાઈ પાધ્યાએ જણાવ્યું હતું કે ભાદરવી પુનમના મેળા દરમિયાન લાખ્ખો પદયાત્રીઓ આવતા હોય છે ને આ યાત્રીકોની રસ્તામાં કોઈ પવિત્રતા ન જળવાઈ હોય અને સીધા મંદિરમાં દર્શને પહોંચી ગયા હોય તેવી બાબતોને ધ્યાનમાં રાખી આ મંદિરની પવિત્રતા જાળવવા ખાસ પ્રક્ષાલની વિધિ કરવામાં આવે છે. આજે યોજાયેલી આ પ્રક્ષાલનવિધિમાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસવડા સહીત અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મામાં બાળકો માટે મફત નિદાન અને ઓપરેશન કેમ્પનું આયોજન

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્માની સિવિલ હોસ્પિટલ અને અમદાવાદની જયદીપ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત બાળકો માટેની તમામ પ્રકારની સર્જરી તથા એન્ડોસ્કોપીનો મફત નિદાન અને ઓપરેશનનો કેમ્પ તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ ખેડબ્રહ્મા સિવિલમાં સવારે ૧૦ થી ૧૨ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં બાળકોની સારણગાંઠ, જન્મજાત આંતરડાનો અટકાવ, કીડની,મૂત્રાશયના રોગોની સર્જરી, મગજમાં પાણી ભરાવવુ વગેરે તથા પેટના ઓપરેશન દૂરબીનથી કરવા, બાળકની શ્વાસનળી-અન્નનળીમાં ફસાયેલ વસ્તુ દૂરબીનથી કાઢવી વગેરે તમામ પ્રકારના રોગોનું મફત નિદાન તથા ઓપરેશન વગેરેનું માર્ગદર્શન જયદીપ હોસ્પિટલના બાળકોના નિષ્ણાંત તબીબો સેવા આપશે.



### ખેડબ્રહ્મા ખાતે ખેલ મહાકુંભનો પ્રારંભ

ખેડબ્રહ્માની સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં મહિલા વિભાગની કબડ્ડીની મેચમાં શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલે ટોસ ઉછાળી સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે જે.સી. સોલંકી, કાન્તીભાઈ પટેલીયા ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા કોલેજમાં ટ્રાયબલ રિસર્ચ સેન્ટરનો સ્થાપના દિન ઉજવાયો

ખેડબ્રહ્મા શ્રીમતિ નીરૂબેન કિર્તીકુમાર જોષી ટ્રાયબલ રિસર્ચ કેન્દ્રનો સ્થાપના દિન ઉજવાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. એન.ડી. પટેલે મહેમાનોને આવકાર્યા હતા. જ્યારે ટ્રાયબલ રિસર્ચ સેન્ટરના ડાયરેક્ટર ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટે કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી સેન્ટરનો અહેવાલ રજૂ કર્યો હતો. પછી અતિથિ વિશેષ જે.પી. દેવડા અને સમારોહ અધ્યક્ષ કિર્તીકુમાર જોષીએ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસના સંદર્ભમાં રિસર્ચ સેન્ટરની સગવડોનો મહત્તમ ઉપયોગ કરે એ વિષય પર ભાર મુકી તેમને ઉચ્ચ શિક્ષણ લેવા અનુરોધ કર્યો હતો.

# બાયડના ઓઢા હત્યા કેસના આરોપીને આજીવન કારાવાસ

બાયડ, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ઓઢા ગામો વર્ષ ૨૦૧૩માં યુવાન પરણીતાનું તેના જ પતિએ પરસ્ત્રીના મોહમાં અંધ બની કાસળ કાઢી નાખ્યાના બનાવ બાદ હત્યાના ગુનામાં ઝડપાયેલા પતિદેવ સામે કોર્ટ કાર્યવાહીના અંતે મોડાસા સેશન્સ કોર્ટે પતિને આજીવન કેદની સજા ફટકારી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરની ન્યુ લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા હર્ષદભાઈ અમૃતભાઈ પુરોહિતની પુત્રી રાધાનું તેના પતિ ભાવેશ બાબુલાલ ઉપાધ્યાય રહે. ઓઢાએ ઓઢા ગામની અન્ય મહિલા સાથે આડાસંબંધના કારણે હત્યા કરી નાખી હતી. આ બનાવમાં આ બનાવમાં બાયજ રાધાબેનનો પતિ ભાવેશ રાધાને બીમારીના બહાના હેઠળ રીક્ષામાં ઓઢાડી બાયજ લઈને આવ્યો હતો. જ્યાંથી તેણીને વાત્રક હોસ્પિટલમાં સારવારના બહાને લઈ આવી ગત તા. ૧૦-૧૧-૨૦૧૩ના રોજ હોસ્પિટલની અવાવરૂ જગ્યામાં લઈ જઈ રાધાબેનના ગળા, હાથે તેમજ પગના ભાગે બ્લેડના ઘા મારી નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ પત્નીનું માથુ પણ પથ્થરથી છુંદી નાખી પુરાવાનો નાશ કરી નાખવા પ્રયાસ કરાયો હતો. પોલીસસ્ટેશનના તત્કાલીન પીએસઆઈ સી.કે. બાબરીયાએ જીણવટભરી તપાસ કરતા પતિ જ હત્યારો નીકળ્યો હતો. પોલીસે આરોપી પતિની ધરપકડ કરી નિયમાનુસાર કાર્યવાહી કર્યા બાદ આ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. મોડાસા સેશન્સ કોર્ટમાં સરકારી વકીલ બી.આર. પંચાલ દ્વારા કરાયેલી દલીલો અને રજુ કરાયેલા પુરાવાઓને અનુલક્ષીને ઘટનાના ત્રણ વર્ષ બાદ એડીશનલ સેશન્સ જજે આઈપીસી ૩૦૨ મુજબ ભાવેશ ઉપાધ્યાયને આજીવન કારાવાસ અને હજારનો દંડ ફટકાર્યો હતો.

# ચારિત્ર્ય પર શંકા રાખી પત્નિની હત્યા કરનાર પતિની ધરપકડ

**હત્યામાં દિયરની પણ સંડોવણી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ: પત્નિએ મરવાની ધમકી આપીને ગળે સાડી લપેટી એટલે અકળાયેલા શંકાશીલ પતિએ ૧૦ મિનીટ સુધી તે જ સાડી ખેંચી રાખીને ટુંપો આપી હત્યા કરી નાંખી**

ગાંધીનગર, તા.૨૦

બોરીજ ગામમાં ૨૪ વર્ષિય પરિણીતાનું ગળુ દબાવી દઈને હત્યા કરી દેવામાં આવી હોવાની ઘટના બનવા પામી હતી. આ મામલે પોલીસે રાત્રે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી હતી. મૃતકની બહેનની ફરિયાદને આધારે પોલીસે પતિ અને દિયર સામે હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી આજે મોડી રાત્રે હત્યાના આરોપસર શંકાશીલ પતિની ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ દિયરની હત્યામાં કેવા પ્રકારની સંડોવણી છે તે અંગે તપાસ ચાલી રહી છે. પત્નિ સોનલે તે રાત્રે ઝગડો થયા બાદ આપઘાત કરી લેવાની ધમકી આપીને ગળે સાડી લપેટી એટલે અકળાયેલા પતિએ ૧૦ મિનીટ સુધી તે જ સાડી ખેંચી રાખીને ટુંપો આપી હત્યા કરી નાંખી હોવાનુ જાણવા મળ્યુ છે.

બોરીજ ગામમાં બળીયાદેવનાં મંદિર નજીક રહેતી ૨૪ વર્ષિય સોનલ નાગેન્દ્ર રાઠોડનાં છ વર્ષ પહેલા નાગેન્દ્ર સાથે પ્રેમ લગ્ન થયા હતા. ગઈ રાત્રી દરમ્યાન સોનલની ગળુ દબાવીને હત્યા કરી નાંખવામા આવી હતી આ મામલે સોનલનાં બેન દિવ્યાબેન વનરાજસિંહ ડાભીએ સોનલના પતિ નાગેન્દ્ર સુરેન્દ્રસિંહ રાઠોડ અને દિયર વનરાજસિંહ સુરેન્દ્રસિંહ રાઠોડ સામે હત્યા અને હત્યાના ગુનામાં દિયરની સંડોવણીની ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.ફરિયાદમાં કરાયેલા ઉલ્લેખ મુજબ નાગેન્દ્રએ છ વર્ષ પહેલા સોનલ સાથે લવ મેરેજ કર્યા બાદ એક વર્ષ સારુ રાખ્યુ ત્યારે બાદ સોનલનાં ચારિત્ર્ય પર વ્હેમ રાખી દિયરની ચઢામણીથી અવારનવાર મારઝુડ કરતો હતો. ચારેક દિવસ પહેલા જ સોનલનાં માતાને ત્યા પેથાપુર જઈને નાગેન્દ્રએ કહ્યુ હતુ કે તમારી દિકરીનું ચારિત્ર્ય સારુ નથી અને મારુ માનતી નથી. તેને સમજાવજો નહિતર હુ તેને મારી નાંખીશ...આવી ધમકી આપી નાગેન્દ્ર નિકળી ગયો હતો તેવુ ફરિયાદમાં દિવ્યાબેને જણાવ્યુ છે. પોલીસે આજે મોડી રાત્રે નાગેન્દ્રની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે. સુત્ર પાસેથી મળેલી માહિતી મુજબ હત્યા થઈ તે રાત્રે બે વાગ્યાની આસપાસ ચારિત્ર્યના મુદ્દે જ બંને વચ્ચે માથાકુટ થઈ હતી. ત્યાર બાદ સોનલે સાડી ગળે વિંટીને આપઘાત કરી લઈશ તેવી ધમકી આપી હતી ત્યારે અકળાઈ ગયેલા પતિ નાગેન્દ્રએ તે જ સાડી પકડીને ખેંચી અને અંદાજે ૧૦ મિનીટ સુધી સાડી વડે ગળુ દબાવી રાખી સોનલની હત્યા કરીને બનેવીને ફોન કર્યો હતો. પી.આઈ મિની જોષેફે ગુનાની ઉંડી તપાસ આરંભી છે.

## મોડાસાના સોસાયટીનગર વિકાસ મંડળના નવરાત્રિ મહોત્સવના હોદ્દેદારો

સાંકરીયા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ખાતે આગામી નવરાત્રિ મહોત્સવની આનંદઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે. આ અંતર્ગત સોસાયટીનગર વિકાસ મંડળ દ્વારા વિવિધ અવનવા કાર્યક્રમો સાથે નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યુ છે. વિકાસ મંડળ દ્વારા આગામી ૩૪મા નવરાત્રિ મહોત્સવના આયોજન અંગે ઓધારી મંદિર ખાતે મળેલ બેઠકમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

સોસાયટી નગરવિકાસ મંડળ આયોજિત નવરાત્રિ મહોત્સવ-૨૦૧૬ના હોદ્દેદારોમાં પ્રમુખપદે કોન્ટ્રાક્ટર સંજય ભાવસારની નિમણુંક કરાઈ છે. ઉપપ્રમુખ પદે કેપિટલ બુકડીપોના તારક પટેલ તથા મુકેશભાઈ, સૌરભ ત્રિવેદી અને વંદિત શેઠની વરણી કરાઈ છે. સ્ટેજ કમિટીમાં ભાવિન ભાવસાર, મહુલ ભાવસાર અને હિતેન્દ્ર જોષી તથા નાણાં કમિટીમાં કોર્પોરેટર કેતન ત્રિવેદી, સંજય ભાવસાર, નિલેષ જોષી, મનિષ ભાવસાર તથા મિતુલ શુકલની વરણી કરાઈ છે.

## લોક વિકાસ મંચ દ્વારા હોદ્દેદારોની વરણી

લોક વિકાસ મંચની કાર્યવાહક સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી વિધાનસભા/લોકસભાની ચુંટણીઓ લડવા માટે પક્ષની નોંધણી ભારત ચૂંટણી આયોગ દિલ્હી ખાતે કરાવવા બાબતે નિર્ણય લેવામાં આવ્યો હતો તથા સમિતિના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં કારોબારી સભ્ય તરીકે પ્રો. રજનીકાન્ત નાનુભાઈ દેસાઈ, અનિલ તુલસીદાસ કકકડ અને પી.આઈ. પટેલની નિમણુંક કરવામાં આવી હતી. કાર્યકારી પ્રમુખ તરીકે જાણીતા રાજકીય વિશ્લેષક પ્રો. રજનીકાન્ત દેસાઈ તથા કર્મચારી નેતા વિષ્ણુભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે નિવૃત્ત સંયુકત સચિવ જીતમલભાઈ આર. ડામોર તેમજ સંગઠન મંત્રી તરીકે વિનોદચંદ્ર મકવાણા, ઈન્દિરાબેન પટેલ અને મહાવીરગીરી ગૌસ્વામીની વરણી કરાઈ હતી.

### ગોળીબાર...● અનુસંધાન પહેલાનું

બીજી બાજુ ત્રાસવાદીઓના કાવતરાઓને નિષ્ફળ કરવા પણ વિવિધ પગલા લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં બારામુલ્લાના ઉરી સેક્ટરમાં ગઈકાલે સવારે સેનાના ઈન્ફેન્ટ્રી બટાલિયન કેમ્પ ઉપર ત્રાસવાદીઓએ હુમલો કરીને દેશભરમાં ભારે ખળભળાટ મચાવી દીધો હતો. આ ભીષણ ત્રાસવાદી હુમલામાં ૧૮ જવાનો શહીદ થયા હતા અનેક જવાનો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા પૈકી કેટલાકની હાલત હજુ પણ ગંભીર જણાવવામાં આવી છે.

આત્મઘાતી હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા આ હુમલા બાદ અથડામણમાં તમામ ચારેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આતંકવાદીઓએ સૌથી પહેલા શસ્ત્રાગારને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. કેમ્પ અને ટેન્ટમાં આગળ ફાટી નિકળવાના કારણે વધારે નુકસાન થયું હતું. ઉરીમાં ઠાર થયેલા ત્રાસવાદીઓ વિદેશી ત્રાસવાદીઓ હતા. તેમની પાસેથી મળી આવેલી સામગ્રી પાકિસ્તાનમાં બનેલી હતી. આ ત્રાસવાદીઓ જૈશના સાથે જોડાયેલા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો મળી આવ્યો હતો.

કંપની સમાચાર

## ઈન્ડિયન બેંક સમગ્ર દેશમાંની તેની શાખાઓ ખાતે લોન મેળાનું આયોજન

**મેગા હોમલોન/વાહન લોન/ MSME/મીડ કોર્પોરેટ તથા મુદ્રા લોન મેળાનું આયોજન કરી રહી છે**

ઈન્ડિયન બેંક તા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૦૭ના રોજ સ્થાપિત સૌથી જુની બેંકોમાંની દેશની અગ્રગણ્ય મીડ સાઈઝ્ડ રાષ્ટ્રીયકૃત બેંક, આગામી તહેવારોની સીઝનને લક્ષમાં રાખીને તા. ૧૭ અને ૧૮મી સપ્ટેમ્બરના રોજ સમગ્ર દેશમાંની તેની શાખાઓ ખાતે મેગા હોમ/વાહન/ સ્જીસ્ઈ/મીડ કોર્પોરેટ તથા મુદ્રા લોન મેળાનું આયોજન કરી રહી છે.

જાહેર ક્ષેત્રોની બેંકો પૈકી ઈન્ડીયન બેંકે સૌથી ઉંચો કેપિટલ એડીક્વસી રેશીયો જાળવ્યો છે. તાજેતરમાં બેંકે, તેની કાર્ય ક્ષમતા માટે બધી બેંકો પૈકી ફાઈનાન્સ એક્સપ્રેસ દ્વારા પ્રથમ એવોર્ડ મેળવ્યો છે.

ગુજરાતમાં તે અમદાવાદમાં ૧૮ શાખાઓ સાથે ૮૦ શાખા ધરાવે છે. તેણે અમદાવાદ અને સુરતમાં ખાસ રીટેલ શાખા, સ્જીસ્ઈ તથા મીડ કોર્પોરેટ શાખા ખોલીને ખાસ શાખાનો કન્સેપ્ટ અમલી બનાવ્યો છે.

ઓલ ઈન્ડીયા લેવલની આ બેંક ૨૫૫૦+શાખા તથા ૨૭૦૦+BNA અને ATM ધરાવે છે. હોમ લોન સેગમેન્ટમાં પાયાની બેંક ખૂબ જ સ્પર્ધાત્મક વ્યાજદરે જુદી જુદી મુદતની પેશગીઓ આપે છે. આ મેળામાં પ્રોસેસીંગ ચાર્જ પર ૧૦૦% વેઈવર જેવી હોમ લોન પણ ઓફર કરે છે. આ પ્રયાસ તહેવારોની સીઝન દરમિયાન લોકોને નિયમિત પણે આ બેંક દ્વારા કરવામાં આવ્યો છે. અરજદારોને જરૂરી દસ્તાવેજો સાથે નજીકની ઈન્ડીયન બેંકની શાખાનો સંપર્ક કરવા વિનંતી છે.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

તરફ ધકેલતો હતો.'

'પછી?'

'પછી શું હું ત્યાંથી પસાર થયો એટલે તેણે મને પણ વિનંતી કરી. સાહેબ ગાયો સવારની ભૂખી છે. થોડા પુળા ખરીદીને નાંખને, એટલે હું ઊભો રહ્યો અને મેં તેને પુછ્યું. ભાઈ આ ગાયો કોની છે? તો કહે મારી, અને આ ઘાસ કોનું છે? તો કહે મારું, ગાયોને સાંજે ઘેર લઈ જઈને દોહીને દૂધ કોણ મેળવશે તો કહે એ તો હું જ મેળવું ને.' અને ગાયોના છાણના આ તગારાં કોણે ભર્યા છે. તો કહે એ મારી દીકરી છે. ઘેર લઈ જઈ છાણાં થેપશે. તેમાંથી અમારા રોટલા શેકવાનું બળતણ મળે અને વધારે ભેગું થાય તો ખાતર તરીકે વેચાય. તેના ભાવ પણ સારા મળે છે અને ગાયને વાછરડાં થાય તેની માલીકી કોની? મેં એક વધુ પ્રશ્ન પુછ્યો. 'સાહેબ એ તો અમારાં જ હોય ને.' 'પછી'

'પછી શું મેં તેને સીધું પરખાવી દીધું. ઘાસ તારું, ગાયો તારી, તેમાંથી મળતું દૂધ, ગોબર ને વાછરડાં તારાં તો પછી તેને માટે મારે પૈસા શું કામ આપવાના?' તે કહે 'સાહેબ આ તો પુણ્ય કમાવાનો પ્રશ્ન છે, ગાય માતાની કૃપાથી સાતનું પગારપંચ મળી ગયું છે ને, થોડું પુણ્ય કરો.'

'પછી તમે પુણ્ય કર્યુ?' 'ના.' 'તો હવે કરવું પડશે.' 'કેમ?'

'જૂઓ, તમે હેલ્મેટ વગર સ્કૂટર લઈને ઑફિસે ગયેલા તેથી આર.ટી.ઓ.નો મેમો આવ્યો છે. સાતસો ભરવાના છે.' હું તમને એ બતાવવા જ આવી હતી ત્યાં તમે બીજી વાતે ચડાવી દીધી. 'આ આર.ટી.ઓ. વાળા પણ ખરા છે હોં!' પોલીસે બધી જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવી દીધા છે આમાં મારા જેવા નાના માણસો દેખાઈ રહ્યા છે. પણ આ લોકોને રસ્તા વચ્ચે બેઠેલી ગીયો ને રખડતા આખલા દેખાતા નથી. લોકોને અડફેટે ચડાવે છે તેની સામે કોઈ કાર્યવાહી કરતા હોય તો. 'તેમાં શું થઈ શકે, ગાયો કે આખલાં ને કંઈ નંબર પ્લેટ તો હોતી નથી કે કેમેરામાં ઝડપીને નોટીસ મોકલી શકાય.' પત્નીએ કહ્યું.

'તારી વાત સાચી પણ એના ય રસ્તા તો થઈ શકે. રસ્તે રખડતાં ઢોરને ચીપ્સ લગાવી શકાય જેનાથી તેની માલીકી અંગેની વિગતો મળે અને તેના માલીકોને દંડી પણ શકાય તો આ પ્રશ્નનો ઉકેલ આવે.' વિનાયકરાયે કહ્યું.

'પપ્પા, એ મને પુછો.' બહારથી આવતાંની સાથે વાતમાં વચ્ચે કુદી પડતાં તેમનો દીકરો કૃણાલ બોલ્યો.

'તોર શું કહેવું છે?' વિનાયકે કૃણાલ તરફ જોઈ પુછ્યું.

'આજે અમે બાઈક પર જતા હતા ત્યારે ગાય વચ્ચે આવી. માંડ માંડ બચ્યાં ત્યાં સામેથી બીજી ગાયે મારા દોસ્તને શિંગડે ચડાવ્યો. હું તો કહું છું - સરકારે બધી ગાયોના શીંગડા જ કાપી નાંખવા જોઈએ.' 'અરે ! અરે! દીકરા એવી વાતો તો કરતો જ નહીં. નહીંતર તારી મમ્મી જેવાં શ્રદ્ધાળુ લોકોની લાગણી દુભાશે.' વિનાયકે કહ્યું.

'પપ્પા એમ જ હોય તો એક બીજો પણ રસ્તો છે ખરો' કૃણાલે કહ્યું.

'એ ક્યો', 'ગાયોને રોટલીઓ ખવડાવતી ગૃહિણીઓને સીસીટીવી કેમેરામાં ઝડપી લઈ તેમને જ દંડની પાવતીઓ પકડાવવી જોઈએ.' કૃણાલે કહ્યું. 'હાં એ વાત સાચી હોં' એવું વિનાયકરાય કહેવા જતા હતા ત્યાં પત્નીને વેલણ સાથે બહાર આવતાં જોઈ એટલે તેમનાં શબ્દો મોંમાં જ અટવાઈ ગયાં.

### ગુલમહોર ● ૪ પાનાનું ચાલુ...

પણ ઓફર કરવાનો શિષ્ટાચાર કરતી નથી. પરંતુ આ તેનું નેગેટિવ થિન્કિંગ હતું એવો અહેસાસ તેને ત્યારે થયો કે જ્યારે તેની પ્રિયાએ તેને બેઉ સફરજન ધરી દેતાં કહ્યું કે ''મેં બેઉ સફરજન ચાખી લીધાં છે. બેઉ સ્વાદિષ્ટ છે. મને એમ હતું કે કદાચ ખરાબ નીકળશે તો? લે, પહેલા તું ખાઈ લે અને વધારે ભાવે તો બીજું સફરજન પણ તું ખાઈ લેજે. મારું પેટ તો તને સફરજન ખાતા જોઈને જ ભરાઈ જશે.''

આ છે પ્રેમ અને કાળજી. પરંતુ આવો પ્રેમ નસીબદાર હોય તેને જ મળે અને દુનિયામાં બધા લોકો કંઈ આવા નસીબ લઈને જન્મતા નથી.

જસ્ટ ટ્વીટ : ''જીવનમાં પ્રેમ કરે એવી વ્યક્તિ અવશ્ય મળે પરંતુ વ્યક્તિની લાગણી સમજે અને ખામીઓને સ્વીકારીને પણ પ્રેમ કરે એવી વ્યક્તિ જૂજ હોય છે.''

**આલ્બર્ટો મોરાવિયા**

### Hello ળેન્ડ્સ ! ● ૪ પાનાનું ચાલુ...

'શરાબ જેમ જૂની થાય એમ એનો નશો ઓર ગહેરો થાય' આ કહેવત બચ્ચનસા'બને બિલકુલ લાગુ પડે છે. 'પિકુ', 'વઝીર' અને 'તીન' બાદ ફરી એક વાર તેમણે એક વયોવૃદ્ધ પાત્રને અત્યંત બારીકાઈથી સિલ્વર સ્ક્રીન પર તરાશ્યું છે. બાયપોલર નામની માનસિક બીમારીથી પીડાતા (ઘણા દર્શકો તો એ પણ નહીં સમજી શકે) વકીલના મોંમાંથી છલકાતા ધાણીફૂટ ડાયલોગ્સ અને એક્સ્પ્રેશન્સની ઈન્ટેન્સીટી! બચ્ચન સા'બ ફરી એકવાર અભિનયની ચરમસીમાને વટોળી જાય છે. (બચ્ચનસા'બ, જુગજુગ જીવો અને અમારા જેવા સિનેમાપ્રેમીઓને તમારા અભિનયની ચાસણીમાં વધુ ને વધુ તરબતર કરતા રહો.)

ફિલ્મની હાઈલાઈટ જ એ છે કે, અહીં કોઈ વિલન નથી. અહીં ફક્ત એક સિચ્યુએશન છે. એવી સિચ્યુએશન જે ખોટી દિશામાં વહી જાય છે અને એની સાથે સંકળાયેલા લોકોને વહાવી જાય છે. મારા-તમારા જેવા કોઈપણ સાથે આવી દુર્ઘટના ઘટી શકે છે. દર્શક એ સિચ્યુએશન સાથે કનેક્ટ થાય છે અને રિઝલ્ટ એક આલાતરિન સિનેમેટિક એક્સિપરિયન્સમાં પરિણમે છે.

સમાજના વાહિયાત નિયમો પર પ્રહાર કરતી હાર્ડ હિટિંગ 'પિંક' બધ્ધાં એ જોવી જ જોઈએ, કેમકે ગુલાબી રંગનો આવો અદ્ભુત ઉઘાડ આમેય બહુ ઓછો જોવા મળે છે. (બટ એડલ્ટ્સ ઓન્લી!) મહિલાઓના અધિકાર વિશે બનેલી આ ફિલ્મ મહિલા નહીં જોશે તો ચાલશે, પણ પ્રત્યેક પુરુષે ફરજિયાતપણે આ ફિલ્મ જોવી જ જોઈએ. પોતાની સગી મા-પત્ની -બહેન-દીકરી અને પારકી મહિલાઓને મોરાલિટીના અલગ અલગ ત્રાજવે તોલતા પુરુષોઓએ તો ખાસ!

ચૂંટલો :

ફિલ્મની સફળતા હિરોઈનની સ્કર્ટની લંબાઈ પર આધાર રાખતી નથી એવી જ રીતે, સમાજે પણ છોકરીઓનાં સ્કર્ટનાં રૂપ-આકાર અને માપને આધારે છોકરીનાં ચરિત્ર વિશે ધારણા બાંધવી ન જોઈએ એવું 'પિન્ક' ફિલ્મ કહે છે, જે વાત દર્શકોને ગળે ઉતરે એવી છે. પણ માનશે કેટલા? એ પ્રશ્ન યથાવત છે.

### પાકિસ્તાન એલર્ટ...● અનુસંધાન પહેલાનું ચાલુ

સેક્ટરમાં ગઈકાલે સવારે સેનાના ઈન્ફેન્ટ્રી બટાલિયન કેમ્પ ઉપર ત્રાસવાદીઓએ હુમલો કરીને દેશભરમાં ભારે ખળભળાટ મચાવી દીધો હતો. આ ભીષણ હુમલામાં ૧૭ જવાનો શહીદ થયા હતા અનેક જવાનો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા પૈકી કેટલાકની હાલત હજુ પણ ગંભીર જણાવવામાં આવી છે. આત્મઘાતી હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા આ હુમલા બાદ અથડામણમાં તમામ ચારેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આતંકવાદીઓએ સૌથી પહેલા શસ્ત્રાગારને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

કેમ્પ અને ટેન્ટમાં આગળ ફાટી નિકળવાના કારણે વધારે નુકસાન થયું હતું. પાકિસ્તાન સેના જુદા જુદા પાસા પર ચર્ચા કરી રહી છે. ઉરીમાં હુમલો કરવામાં આવ્યા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ ફરી એકવાર વિસ્ફોટક બની ગયા છે. ભારતીય સેના જવાબી કાર્યવાહી કરવા માટે મંજુરી આપવા કહી ચુકી છે. સાથે સાથે તમામ રીતે સેના તૈયાર હોવાની વાત પણ કરી છે.

### વિકાસના કામો...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પરિપત્રમાં જણાવાયું છે કે રોયલ્ટીની આવકની ફાળવણી બે વર્ષ અગાઉના વર્ષની આવકની ગણતરીના આધારે ત્રીજા વર્ષે ફાળવણી કરવાની રહેશે. દા.ત. ૨૦૧૬-૧૭ની ગ્રાન્ટની ફાળવણી ૨૦૧૪-૧૫ની ગ્રાન્ટની આવકના પ્રમાણમાં કરવાની રહેશે અને તે માટે ૨૦૧૩-૧૪ના ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો પણ રજુ કરવાના રહેશે. આ ગ્રાન્ટના વપરાશ અંગેના માપદંડો પણ નિયત કરી સરકારે આપ્યા છે. જેમાં વિકાસના કામોની વહીવટીય મંજૂરી આપવાની સત્તા પણ સામાન્ય સભાને સોંપવામાં આવી છે. રાજ્યના પંચાયત વિભાગ દ્વારા જારી કરાયેલ આ નવી માર્ગદર્શિકા એ પંચાયતના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે. આગામી દિવસોમાં પંચાયતી રાજ સંસ્થાઓ અને રાજ્ય સરકાર વચ્ચે સંઘર્ષ વધુ તીવ્ર બનશે તેમ માનવામાં આવી રહ્યું છે.